ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૯ જૂન, ૨૦૨૬

**સાંસ્કૃતિક સંમિશ્રણ ગામની વિશેષતા, આદિવાસી સાથે મરાઠી સમાજનો વર્ષોથી વસવાટ**

**ચોપડવાવ ડેમને કારણે કોડબા સહિતની જમીનો સિંચિત થતાં ખેડૂતો બે પાંદડે થયા**



ટાઉન ટોક

## સાતપુડાની પર્વતમાળા વચ્ચે વસેલું અને એક અનોખું ઈકો પોઈન્ટ તરીકે જાણીતું સાગબારા તાલુકાનું ગામ

# કોડબા


**નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં સાતપુડાની પર્વતમાળા વચ્ચે વસેલું કોડબા એક અનોખું ઇકો પોઈન્ટ છે. આ નાનકડા ગામમાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.753 (ચારમાર્ગીય રોડ) પસાર થાય છે. 100 ટકા શુદ્ધ ઓક્સિજન ધરાવતું આ ગામ પ્રાકૃતિક ફેફસાં સમાન છે. ધોરી માર્ગ પર વસેલું કોડબા ગામ હવે વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. કોડબામાં આદિવાસી સમાજ સાથે મરાઠી સમાજનો એક પરિવાર વર્ષોથી શાંતિથી વસવાટ કરે છે. આ સાંસ્કૃતિક સંમિશ્રણ ગામની વિશેષતા છે. અહીંના યુવાનો માટે આજુબાજુ રોજગારીનાં સાધનોનો અભાવ હોવા છતાં તેઓ ખેતીકામો મહેનતથી કરે છે. બાજુમાં આવેલા ચોપડવાવ ડેમને કારણે કોડબા સહિતની જમીનો સિંચિત થતાં ખેડૂતો પાણીદાર બન્યા છે. આ ડેમમાં મત્સ્યોદ્યોગ દ્વારા સ્થાનિક સ્તરે એક મંડળી પણ બનાવવામાં આવી છે. અને ધોરી માર્ગ પર યુવાનોએ રોજગારી માટે અનેક નાના ધંધા શરૂ કર્યા છે. જેમાં પંક્ચર અને વાહન સર્વિસ, ચા-નાસ્તાની હોટેલો, શાકભાજી, અનાજ-કરિયાણાની દુકાનો આને હેરકટિંગ સલૂનથી આજીવિકા રળી લે છે. કોડબા ગામ પ્રકૃતિ, આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ અને સ્વરોજગારનું એક સમન્વય સ્થાપિત કરતું પ્રેરણાદાયી ઉદાહરણ છે.......**




કોડબા ગામે હનુમાનદાદાનું મંદિર

### કોડબા ગામનું નામ કઈ રીતે પડ્યું?

કોડબા ગામ આદિવાસી બહુલ વિસ્તાર તરીકે ઓળખાય છે. આ ગામના નામકરણ પાછળ એક રસપ્રદ લોકવાયકા પ્રચલિત છે. સદીઓ પહેલાં આ વિસ્તારના વડવાઓ અત્યંત સૂકી અને ભઠ્ઠ (ખૂબ સૂકી) જમીન ધરાવતા હતા. પાણીની ભારે તંગી હોવાથી તેઓ ખેતી અને પીવાના પાણી માટે લાકડાનું "કોડબુ" નામનું સાધન વાપરતા હતા. ('કોડબુ' એટલે પાણી સંગ્રહ કરવાનું પરંપરાગત લાકડાનું પાત્ર અથવા સાધન) આ સાધનનો ઉપયોગ તેઓ પાણી સાચવવા, ઢાંકવા અને જમીનમાં પાણી પીવડાવવા માટે કરતા હતા. સમય જતાં 'કોડબુ' શબ્દનો અપભ્રંશ થતાં તે 'કોડબા' બની ગયો. આમ, સ્થાનિક લોકો દ્વારા વપરાતા આ મહત્ત્વપૂર્ણ સાધનના નામ પરથી જ આખા ગામનું નામ 'કોડબા' પડ્યું. મૂળ શબ્દ અપભ્રંશ થતાં ગામનું નામ કોડબા પડ્યું. આમ, આજે પણ આ ગામનું નામ તેની સદીઓ જૂની જળ સંગ્રહની પરંપરા અને વડવાઓની બુદ્ધિમતાની યાદ અપાવે છે.





**ચોપડવાવ ડેમ: ખેડૂતો અને મત્સ્ય ઉદ્યોગ માટે આજીવિકાનું સાધન**

તાલુકા પેલેસ સાગબારાથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે આવેલો કોડબા-ચોપડવાવ વિસ્તાર આજે જ્યાં ચોમાસામાં હરિયાળીથી છવાઈ જાય છે, ત્યાં પાંચ દાયકા પહેલા ઉનાળાની ઋતુમાં આ વિસ્તાર સૂકો અને ઉજ્જડ જમીનો માટે જાણીતો હતો. આ ભૂમિના ધરતીપુત્રોને સિંચાઈનો લાભ મળે એ ઉદ્દેશથી વર્ષ-1985માં કોડબા ગામ નજીક ડોમન નદી પર ચોપડવાવ ડેમનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ચોપડવાવ ડેમ 1930 મીટર લંબાઈ ધરાવે છે, જેમાંથી 70 ટકા (લગભગ 1351 મીટર) કોંક્રિટનો (પાકો) ભાગ છે. ડેમની કુલ પાણી સંગ્રહ ક્ષમતા 7.18 MCM (મિલિયન ક્યુબિક મીટર) છે. ડેમની મહત્તમ ઊંચાઈ 188.80 મીટર છે, જ્યારે ભયજનક સપાટી (ડેન્જર લેવલ) 187.40 મીટર પર નિર્ધારિત કરવામાં આવી છે. આ ડેમની એક અગત્યની વિશેષતા એ છે કે અહીં ફ્રાંસ દેશથી મંગાવીને 35 ફ્યુઝ ગેટ બેસાડવામાં આવ્યા છે. દરેક ગેટની ઊંચાઈ 1.10 મીટર અને પહોળાઈ 1.98 મીટર છે. ડેમનો કેચમેન્ટ એરિયા (પાણી એકત્ર કરવાનો વિસ્તાર) 27.84 ચોરસ કિલોમીટર જેટલો છે, જે સાતપુડાની તળેટીને કારણે મળે છે. આ ડેમથી આસપાસના 19 ગામને સીધો લાભ મળે છે. ડેમમાં પાણીના સંગ્રહને કારણે ધરતીપુત્રોને 700 હેક્ટરથી વધુ જમીનમાં સિંચાઈનો લાભ મળે છે. પાણીના નિયમિત સપ્લાય માટે બે મંડળી કાર્યરત છે, જે ખેડૂતોને સમયસર પાણી પૂરું પાડે છે. આ સિંચાઈ સુવિધાને કારણે અગાઉની ઉજ્જડ જમીનો હવે ખેતીલાયક બની છે અને ખેડૂતોની આજીવિકા સુધરી છે. જળાશય મત્સ્ય ઉદ્યોગ માટે પણ ઉત્તમ સાધન બન્યું છે. ડેમમાં માછલી ઉછેરનો વ્યવસાય આવકનો બીજો મોટો સ્રોત બન્યો છે. ચોપડવાવ ડેમ માત્ર સિંચાઈનો સ્રોત નથી, પરંતુ તે સમગ્ર પંથકની આર્થિક કરોડરજ્જુ છે.





### સંઘર્ષથી સિદ્ધિ સુધી: શ્રીમતિ રમાબેન સાર્વજનિક વિદ્યાલય

શિક્ષણનો પ્રકાશ જ્યાં સુધી સમાજના અંતિમ છેડા સુધી ન પહોંચે, ત્યાં સુધી સાચો વિકાસ અધૂરો માનવામાં આવે છે. આવો જ એક પ્રેરણાદાયી પ્રયાસ છે શ્રીમતિ રમાબેન સાર્વજનિક વિદ્યાલયનો, જેણે 17 વર્ષની યાત્રામાં કાચા ઝૂપડાથી માંડીને સુવ્યવસ્થિત શૈક્ષણિક કેન્દ્ર સુધીનો સફર કરી છે. વર્ષ-2009માં આ સંસ્થાની સ્થાપના અત્યંત સાધારણ સ્થિતિમાં કરવામાં આવી હતી. માત્ર વાંસના ખપેડા અને કાચા ઝૂપડામાં 12 આદિવાસી બાળકોને શિક્ષણ આપવાની નેમ સાથે શ્રીમતિ રમાબેન સાર્વજનિક વિદ્યાલયની શરૂઆત થઈ હતી. તે સમયે સંસાધનોનો અભાવ છતાં આદિવાસી બાળકોને શિક્ષણનાં મૂળિયાં સિંચવાનો સંકલ્પ અડગ હતો. આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. કોડબા ખાતે નેશનલ હાઈવેને અડીને આવેલી આશ્રમશાળા સ્વરૂપે આ વિદ્યાલય હવે વટવૃક્ષ બની છે. શ્રી નર્મદા આદિજાતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ સંસ્થાને દાનવીરોના સહકારથી અનેક સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. જેને કારણે આજે બાલવાટિકાથી ધોરણ-8માં કુલ 110થી વધુ બાળકોનો સમાવેશ થાય છે.

### કોડબા ગામનાં દર્શન

- કુલ વસતી-558
- કુલ ફળિયાં-મંદિર ફળિયું, નિશાળ ફળિયું અને ટેકરા ફળિયું
- સાક્ષરતા દર-69.50 ટકા
- ભૌગોલિક વિસ્તાર-143-80-17 હેક્ટર
- કુલ મકાનો-238

### કોડબા ગામ સાથે સંકળાયેલી ચોપડવાવ ગ્રુપ ગ્રામ પંચાયતના હોદ્દેદારો

- સરપંચ-દર્શનાબેન વિશલભાઈ વસાવા
- ઉપ સરપંચ-જયદીપભાઈ ધર્માભાઈ તડવી
- સભ્ય-લક્ષ્મણભાઈ મગનભાઈ વસાવા
- સીતારામભાઈ વહરીયાભાઈ વસાવા
- અનિતાબેન દિનેશભાઈ વસાવા
- રુકમાબેન ભરતભાઈ વસાવા
- પૂર્ણિમબેન જગદીશભાઈ વસાવા
- વનીતાબેન રણજીતસિંહ ઠાકોર
- વસંતભાઈ રમેશભાઈ રોહિત
- ઊર્મિલાબેન સંતોષભાઈ ગામીત
- અશોકભાઈ નારણભાઈ વલવી
- તલાટી કમ મંત્રી-ઈમાનુએલ કિરણભાઈ ગામીત

### શ્રી સહારા મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી ચોપડવાવના પદાધિકારીઓ

- પ્રમુખ-ઉત્તમભાઈ સામાભાઈ વસાવા
- મંત્રી-વિકાસભાઈ રવિદાસ વલવી
- કમિટી સભ્ય-રવિદાસ વાલજીભાઈ વલવી
- બલીરામ જલ્લુભાઈ વસાવા
- રામજીભાઈ રેહમનભાઈ તડવી
- સીતારામ ગીંબાભાઈ વસાવા
- ગેબનાબેન શાંતારામ વસાવા
- માનસિંગ વનાભાઈ વસાવા
- કારલાબેન જયસિંગભાઈ વસાવા
- રમેશભાઈ છીડીયાભાઈ વસાવા
- શાંતારામ ગેમુભાઈ ગામીત